# હજીરા અને સચિન નોટિફાઈડ GIDCના ફંડમાંથી કરોડોના વિકાસનાં કામો થશે

**ધારાસભ્ય** સંદીપ દેસાઈના પ્રયાસોથી હજીરા નોટિફાઇડ વિસ્તારના દામકા, ભટલાઈ, હજીરા, કવાસ, મોરા, સુંવાલી, લીમલા ગામમાં 23.53 કરોડ અને સચિન વિસ્તારમાં 48.15 કરોડનાં કામો પૂર્ણ થશે



સુરતઃ ચોર્યાસી વિધાનસભામાં હજીરા અને સચિન GIDC નોટિફાઈડ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોના વિકાસના કામો માટે નિર્દિષ્ટ વિસ્તાર હજીરા દ્વારા સંકલિત કરવેરાની વસૂલ કરવામાં આવેલી રકમમાંથી ૧/૩ ભાગની રકમથી પાયાના વિકાસના કામો કરવા સુરત જિલ્લા કલેક્ટર તેજસ પરમારના અધ્યક્ષ સ્થાને તથા ધારાસભ્ય સંદીપ દેસાઈની ઉપસ્થિતમાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આયોજન અને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં અંદાજિત રૂ.૨૩૫૩.૨૧ લાખના ખર્ચે કોમ્યુનિટી હોલ, સ્મશાન ગૃહ, તળાવ સૌંદર્યકરણ અને વિસ્તૃતિકરણ, શૈક્ષણિક ભવન, રસ્તા, STP, સંરક્ષણ દીવાલ, પેવરબ્લોક, ગટર વ્યવસ્થા, ફૂટપાથ, કંપાઉન્ડ વોલ, મેદાન વિકસિત કરવાનું, પાણી પુરવઠા, હાઈમસ્ટ ટાવર, કસરતના સાધનો, શેડ વિગેરે કામોના અમલીકરણ માટે આયોજન અને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ધારાસભ્ય સંદીપ દેસાઈ દ્વારા ૧/૩માં અગાઉના વર્ષ ૨૦૨૪-૨૫ માટે અંદાજિત ૪૧૪૬.૫૬ લાખ, ૨૦૨૫-૨૬ માટે અંદાજિત ૨૯૫૩.૨૮ લાખ તેમજ તત્કાલીન નિર્દિષ્ટ વિસ્તારમાં સમાવિષ્ટ સાઉથ ઝોન-બીના સચિન, ઉન, ઉંબેર, ગભેણી, તલંગપુર માટે ૪૮૧૫.૨૧ લાખના મંજૂર થયેલા કામો પૈકી પ્રગતિ હેઠળના કામો ઝડપથી પૂર્ણ કરવા તેમજ ચાલુ નાણાકીય વર્ષ માટે મળેલ રજૂઆતોને ધ્યાને રાખી ઘટતી કાર્યવાહી ઝડપી કરવા જણાવ્યું હતું. આ બેઠક પૂર્વે સંદીપ દેસાઈ દ્વારા લાભાર્થી ગામોના સરપંચ અને આગેવાનો સાથે બેઠક કરી તેઓની રજૂઆત અને માંગને જાણીને વિકાસના કામોથી છેવાડાના નાગરિકોને લાભ થાય અને કોઈ વંચિત ન રહે તે બાબત કેન્દ્ર સ્થાને રાખી કામો સૂચવવાનું જણાવ્યું હતું.

આ બેઠકમાં નોટીફાઈડ GIDC વિસ્તારના વિભાગીય પ્રબંધક દિગ્વિજયસિંહ ઘાંઘર, પ્રાદેશિક પ્રબંધક પંકજ આચાર્ય, જિલ્લા આયોજન અધિકારી શીતલ માંડવીયા, માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર કે. કે. પટેલ, સચિન GIDC ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના સેક્રેટરી મયુર ગોળવાલા, નિર્દિષ્ટ વિસ્તારમાં સમાવિષ્ટ ગામોના સરપંચ, અધિકારીઓ અને કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

# કામરેજ સુગરની ચૂંટણીમાં આજે 14 બેઠક માટે મતદાન

**સુરત** શહેર સહિતના છ તાલુકામાં 25 મતદાન મથક પર સભાસદો દ્વારા મતદાન કરવામાં આવશે




કામરેજઃ કામરેજ તાલુકાના નવી પારડી ખાતે કાર્યરત કામરેજ સુગર ફેક્ટરીની ચૂંટણીમાં ચાર બેઠક બિનહરીફ થયા બાદ 14 બેઠક માટે ગુરુવારે અલગ અલગ મતદાન મથકો પર મતદાન કરવામાં આવશે.

ખેડૂતોની જીવાદોરીસમાન કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળીની ચૂંટણીમાં વર્તમાન પ્રમુખ અશ્વિન પટેલ (દાઢી)એ સહકાર પેનલ મેદાનમાં ઉતારી હતી. જ્યારે સામે માજી પ્રમુખ નવીનભાઈ પટેલ તેમજ જયેશ પટેલ (પીપોદરા)એ પોતાની કિશાન પેનલ સાથે મેદાનમાં ઊતર્યા હતા.

પ્રમુખ અશ્વિન પટેલે દિગસ, એરથાણા, મોટા વરાછા અને નાના સીમાંત બેઠકો બિનહરીફ કરી દીધી હતી. જ્યારે 14 બેઠક પર બંને પેનલે પોતાના ઉમેદવારોએ પોતાની ઉમેદવારી કરી હતી. જ્યારે જોખા, બૌધાન અને અનુસૂચિત જાતિ-જનજાતિ બેઠકો પર અપક્ષ ઉમેદવારી કરવામાં આવી હતી.

આ ચૂંટણીમાં 14 બેઠક પર કુલ 31 ઉમેદવારે પોતાની ઉમેદવારી કરવામાં આવી હતી. ગુરુવારના રોજ સવારે 9 કલાકથી સાંજે 5 કલાક દરમિયાન કુલ સુરત શહેર મળી કુલ છ તાલુકામાં 25 મતદાન મથક પર સભાસદ મતદારો દ્વારા મતદાન કરવામાં આવશે અને ઉમેદવારોનું ભાવિ નક્કી કરવામાં આવશે. શુક્રવારે સવારે 9 કલાકે કામરેજ ચાર રસ્તા ખાતે ઉમા મંગલ હોલ ખાતે મતગણતરી પણ કરવામાં આવશે.

# નાસીરનગરના 29 અસરગ્રસ્તોને સરકાર વિનામૂલ્યે આવાસ આપશે

**અંશતઃ** નુકસાન પામેલાં ૩૫ મકાનોનું તંત્ર પોતાના ખર્ચે સમારકામ કરશે

**પૂર્ણપણે** તોડી પડાયેલાં મકાનોના અસરગ્રસ્તોને NURM યોજના હેઠળ મકાન ફાળવવાનો પ્રસ્તાવ



અમદાવાદઃ નાસીરનગરમાં વગર સત્તા અને કાયદેસર પ્રક્રિયા વિના થયેલા ડિમોલિશન મામલે ગુજરાત હાઈકોર્ટની સતત કડકાઈ બાદ રાજ્ય સરકાર હવે અસરગ્રસ્ત પરિવારોના પુનર્વસન માટે આગળ આવી છે. ૩૦ મેના ડિમોલિશનમાં સંપૂર્ણપણે તોડી પડાયેલા ૨૯ મકાનોના પરિવારોને વિનામૂલ્યે વૈકલ્પિક આવાસ ફાળવવા અને અંશતઃ નુકસાન પામેલા ૩૫ મકાનોનું સરકારી ખર્ચે સમારકામ કરાવવા રાજ્ય સરકારે મંગળવારે હાઈકોર્ટ સમક્ષ પ્રસ્તાવ રજૂ કર્યો હતો. અગાઉ અસરગ્રસ્તો પાસેથી આવાસ માટે રૂ.૫.૫ લાખની રકમ લેવાના સૂચન સામે હાઈકોર્ટે સવાલો ઉઠાવ્યા બાદ સરકારે પોતાનું વલણ બદલ્યું છે.

જસ્ટિસ નિખિલ કારીયેલની ખંડપીઠ સમક્ષ ૧૮ ઓગસ્ટે થયેલી સુનાવણીમાં રાજ્યના એડવોકેટ જનરલ કમલ ત્રિવેદીએ તાજેતરમાં હાથ ધરાયેલા સરવેનો અહેવાલ રજૂ કરતાં જણાવ્યું હતું કે, નાસીરનગરમાં ૨૯ સ્ટ્રક્ચર સંપૂર્ણપણે દૂર થઈ ગયા છે, જ્યારે ૩૫ સ્ટ્રક્ચર અંશતઃ અસરગ્રસ્ત છે અને હાલ રહેવા યોગ્ય હોવાથી તેનું સમારકામ થઈ શકે તેમ છે. સંપૂર્ણપણે ઘરવિહોણા બનેલા ૨૯ પરિવારોને સ્થળથી આશરે ૧૫ મિનિટના અંતરે આવેલા જવાહરલાલ નહેરુ નેશનલ અર્બન રિન્યુઅલ મિશન (જેએનએનયુઆરએમ) હેઠળના આવાસમાં ફાળવણી કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી.

### રૂ.૫.૫ લાખ વસૂલવાના પ્રસ્તાવ પર કોર્ટે લગાવી હતી ફટકાર

આ મામલે અગાઉ સુરત મહાનગરપાલિકા દ્વારા અસરગ્રસ્ત પરિવારોને આર્થિક રીતે નબળા વર્ગની આવાસ યોજના હેઠળ આવાસ મેળવવા માટે આશરે રૂ.૫.૫ લાખ ચૂકવવાનો વિકલ્પ સૂચવાયો હતો. હાઈકોર્ટે સવાલ કર્યો હતો કે જે પરિવારોના મકાનો તંત્રની કાર્યવાહીથી તૂટી ગયા છે, તેમની પાસેથી પુનર્વસન માટે નાણાં શા માટે વસૂલવામાં આવે? કોર્ટની આ કડકાઈ બાદ હવે સરકાર દ્વારા ૨૯ પરિવારોને વિનામૂલ્યે આવાસ આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

### ૩૫ મકાનોની સ્થિતિ યથાવત્ કરાશે

સરકારના સર્વેમાં અંશતઃ અસરગ્રસ્ત જણાયેલા ૩૫ મકાનોને હાલ રહેવા યોગ્ય ગણાવવામાં આવ્યા છે. કેટલાક મકાનોના ઓટલા સહિતના ભાગો રોડ લાઇનમાં આવતા હોવાથી નુકસાન થયું હોવાનું સરકાર તરફથી કોર્ટને જણાવાયું હતું. આવા મકાનોનું તંત્ર પોતાના ખર્ચે સમારકામ કરીને રહેવાસીઓને ફરી વસવાટ માટે યોગ્ય સ્થિતિમાં લાવવાની દરખાસ્ત કરવામાં આવી છે.

### ડિમોલિશનની કાયદેસરતા સામે હાઈકોર્ટના ગંભીર સવાલ

નાસીરનગરમાં ૩૦ મેના રોજ ભારે પોલીસ અને મહાનગરપાલિકાના બંદોબસ્ત વચ્ચે થયેલી ડિમોલિશન કાર્યવાહી સામે ૨૬ અસરગ્રસ્ત રહેવાસીઓએ હાઈકોર્ટમાં અરજી કરી હતી. સુનાવણી દરમિયાન કોર્ટ દ્વારા કાર્યવાહી માટે કાયદેસર સત્તા અને જરૂરી પ્રક્રિયા અનુસરવામાં આવી હતી કે કેમ તે અંગે ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા હતા. અગાઉની સુનાવણીમાં હાઈકોર્ટે પ્રથમદર્શી રીતે આ કાર્યવાહી સત્તા વિના કરવામાં આવી હોવાનું અવલોકન કર્યું હતું અને કાયદેસરની કાર્યવાહી કરવાની સત્તા તંત્ર પાસે હોવા છતાં આવી રીતે ડિમોલિશનને યોગ્ય ઠેરવી શકાય નહીં તેમ જણાવ્યું હતું. કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે જે મકાનો હજુ રહેવા યોગ્ય છે, ત્યાં રહેવાસીઓને ફરી રહેવા દેવા અને સ્થિતિને શક્ય તેટલી મૂળ સ્થિતિમાં લાવવી જરૂરી છે. આ અભિગમના પરિણામે હવે ૩૫ અંશતઃ નુકસાન પામેલા મકાનોના સમારકામનો માર્ગ ખુલ્યો છે.

### અધિકારીઓની ભૂમિકા પણ તપાસના ઘેરામાં

ડિમોલિશન અંગેની તપાસ દરમિયાન જવાબદાર ગણાતા વરિષ્ઠ અધિકારીઓ હજુ પણ હોદ્દા પર ચાલુ રહેવા અંગે હાઈકોર્ટે અગાઉ આકરી ટિપ્પણી કરી હતી. તપાસ દરમિયાન સંબંધિત અધિકારીઓ પોતાની જ જગ્યાએ યથાવત્ રહે તો તપાસની નિષ્પક્ષતા અંગે પ્રશ્ન ઊભો થાય તેવી કોર્ટે નોંધ કરી હતી. હાઈકોર્ટની આ કડક ટિપ્પણીઓ બાદ ૧૧ ઓગસ્ટે સુરત મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજનની બદલી કરવામાં આવી હતી અને જિલ્લા કલેક્ટરને જવાબદારી સોંપવામાં આવી હતી. આમ, નાસીરનગર ડિમોલિશન મામલે હાઈકોર્ટની સતત દખલ અને કડક વલણ બાદ પ્રથમ વખત તંત્ર દ્વારા સંપૂર્ણપણે ઘરવિહોણા બનેલા પરિવારોને વિનામૂલ્યે આવાસ અને અંશતઃ નુકસાન પામેલા મકાનોને સરકારી ખર્ચે પુનઃસ્થાપિત કરવાની દરખાસ્ત કરવામાં આવી છે. જોકે, આ પ્રસ્તાવના અમલ તથા ડિમોલિશન માટે જવાબદાર અધિકારીઓ સામેની કાર્યવાહી અંગેનો અંતિમ નિર્ણય હાઈકોર્ટની આગળની કાર્યવાહી પર નિર્ભર રહેશે.

# બાંદ્રા-બિકાનેર સ્પેશિયલ હવે નિયમિત વીકલી એક્સપ્રેસ બનશે

**દર** ગુરુ અને બુધવારે દોડશે, સુરત-વડોદરા સહિત 25 સ્ટેશનો પર સ્ટોપેજ

સુરતઃ બાંદ્રા ટર્મિનસ તથા બીકાનેર વચ્ચે નિયમિત રેલ સંપર્ક ઉપલબ્ધ કરાવવા માટે પશ્ચિમ રેલવેએ હાલમાં દોડતી ટ્રેન નં. 04712/04711 બાંદ્રા ટર્મિનસ-બીકાનેર સ્પેશિયલને નિયમિત કરીને તેને ટ્રેન નં. 14712/14711 બાંદ્રા ટર્મિનસ-બીકાનેર સાપ્તાહિક એક્સપ્રેસ તરીકે દોડાવવાનો નિર્ણય લીધો છે.

પશ્ચિમ રેલવે દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર ટ્રેન નં. 14712 બાંદ્રા ટર્મિનસ-બીકાનેર સાપ્તાહિક એક્સપ્રેસ દર ગુરુવારે રાત્રે 19.25 કલાકે બાંદ્રા ટર્મિનસથી ઉપડીને બીજા દિવસે રાત્રે 23.55 કલાકે બીકાનેર પહોંચશે અને તેની નિયમિત સેવા તા. 27 ઓગસ્ટ 2026થી શરૂ થશે. જ્યારે પરત ફરતી ટ્રેન નં. 14711 બીકાનેર-બાંદ્રા ટર્મિનસ સાપ્તાહિક એક્સપ્રેસ દર બુધવારે બપોરે 13.30 કલાકે બીકાનેરથી ઉપડીને બીજા દિવસે બપોરે 15.50 કલાકે બાંદ્રા ટર્મિનસ પહોંચશે અને તેની સેવા તા. 26 ઓગસ્ટ 2026થી શરૂ થશે.

આ ટ્રેન બંને દિશામાં બોરીવલી, વાપી, વલસાડ, સુરત, ભરૂચ, વડોદરા, ગોધરા, રતલામ, નાગદા, શામગઢ, રામગંજ મંડી, કોટા, સવાઈ માધોપુર, દુર્ગાપુરા, જયપુર, રીંગસ, સીકર, લક્ષ્મણગઢ સીકર, ફતેહપુર શેખાવાટી, ચુરુ, રતનગઢ, રાજલદેસર અને શ્રી ડુંગરગઢ સહિત કુલ 25 સ્ટેશનો પર ઉભી રહેશે. રેલવે તંત્ર દ્વારા આ ટ્રેનમાં એસી 2-ટિયર, એસી 3-ટિયર, સ્લીપર ક્લાસ અને જનરલ સેકન્ડ ક્લાસના કોચની સુવિધા આપવામાં આવશે.

# માતાએ ઠપકો આપતા મધ્યપ્રદેશના મુરેનાની 4 બહેન સુરત આવી ગઈ

**ઘરકામ** બાબતે વારંવાર બોલાચાલી થતી હતી, સુરત રેલવે પોલીસે ચારેય સગીરાઓનો મધ્યપ્રદેશ પોલીસને કબજો સોંપ્યો



સુરતઃ પશ્ચિમ રેલવે વડોદરા રેન્જ હેઠળ આવતા સુરત રેલવે પોલીસ સ્ટેશનની ટીમે મધ્યપ્રદેશના મોરેના જિલ્લાના જૌરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના ગુનામાં ભોગ બનનાર ચારેય સગીર બહેનોને સુરત રેલવે સ્ટેશનેથી શોધી કાઢી મધ્યપ્રદેશ પોલીસને કાયદેસર સોંપી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર તા.16/08/2026 ના રોજ મધ્યપ્રદેશના મોરેના પોલીસ કંટ્રોલ રૂમથી જાણકારી મળી હતી કે જૌરા પોલીસ સ્ટેશનમાં અપહરણના ગુનામાં ભોગ બનનાર બાળકીઓ હાલ સુરત રેલવે સ્ટેશન પર હોવાની શક્યતા છે. આ સાથે મધ્યપ્રદેશ પોલીસે સુરત રેલવે પોલીસને ફોટા સહિતની માહિતી મોકલી હતી. આ માહિતીના આધારે સુરત રેલવે પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર જે.બી. મીઠાપરાના સીધા માર્ગદર્શન હેઠળ તાત્કાલિક તપાસ શરૂ કરાઈ હતી. તપાસ દરમિયાન સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 4 ઉપરથી દેવાશી (ઉં.વ.16), લીના (ઉં.વ.15), કરીના (ઉં.વ.14) અને પ્રિયા (ઉં.વ.15) નામની ચારેય બાળકીઓ મળી આવી હતી. પૂછપરછમાં બાળકીઓએ જણાવ્યું કે તેઓ ચારેય કુટુંબી બહેનો છે અને ઘરે માતા દ્વારા ઘરકામ બાબતે વારંવાર બોલાચાલી થતી હોવાથી કંટાળીને સવારે સ્કૂલે જવાના બહાને ઘરેથી નીકળી ટ્રેનમાં બેસી સુરત આવી ગઈ હતી.

બાળકીઓ પાસે કોઈ ઓળખ પુરાવા ન હોવાથી અને મધ્યપ્રદેશ પોલીસની માહિતીને આધારે તેમને ચાઈલ્ડ કોર્નરમાં રાખવામાં આવી હતી. ત્યારબાદ મધ્યપ્રદેશના મોરેના જિલ્લા જૌરા પોલીસ સ્ટેશનના અધિકારી પો.કો. બ્રજ કિશોર આવતા ગુનાની ફરિયાદ અને યોગ્ય આધાર પુરાવા મેળવી ચારેય બાળકીઓને કાયદેસર મધ્યપ્રદેશ પોલીસને સુપરત કરવામાં આવી છે.

# IRCTCએ તેજસ એક્સપ્રેસમાં મુસાફરો પાસેથી લીધો ફીડબેક

**ખાનપાન** સુવિધાઓની સમીક્ષા કરી

સુરતઃ રેલવેના મુસાફરોને વધુ સારી ખાનપાન સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે IRCTCએ પોતાની કેટરિંગ વ્યવસ્થાની દેખરેખ અને ગુણવત્તામાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. આ અંતર્ગત IRCTCના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર (CMD) રાહુલ હિમાલયને રેલવેની ખાનપાન સુવિધાઓનું વ્યાપક નિરીક્ષણ કર્યું હતું. આ દરમિયાન તેમણે ખોરાકની ગુણવત્તા, સાફ-સફાઈ, સર્વિસ અને મુસાફરોના સંતોષને લઈને વ્યવસ્થાઓની ચકાસણી કરી હતી.

નિરીક્ષણ દરમિયાન રાહુલ હિમાલયને અમદાવાદ-મુંબઈ તેજસ એક્સપ્રેસમાં સુરત સુધી મુસાફરી કરી હતી. તેમણે ટ્રેનમાં મુસાફરો સાથે સીધી વાતચીત કરીને કેટરિંગ અને અન્ય સેવાઓ વિશે ફીડબેક લીધો હતો. મુસાફરો તરફથી મળેલી પ્રતિક્રિયાને સંતોષકારક ગણાવવામાં આવી હતી.

મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન પર તેમણે 'જન આહાર' અને 'ફૂડ પ્લાઝા'ની પણ મુલાકાત લીધી હતી. અહીં ખોરાકની ગુણવત્તા, સ્વચ્છતા, પીરસવાની પ્રક્રિયા અને નક્કી કરેલા ધોરણોના પાલનની તપાસ કરવામાં આવી હતી.

ત્યારબાદ કુર્લા અને ચેમ્બુર સ્થિત બેઝ કિચનનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું, જ્યાંથી ટ્રેનો માટે ભોજન તૈયાર કરીને મોકલવામાં આવે છે.

બેઝ કિચનમાં ભોજન બનાવવાની પ્રક્રિયા, કાચા માલનું હેન્ડલિંગ, સ્ટોરેજ, સ્વચ્છતા વ્યવસ્થા અને ક્વોલિટી કંટ્રોલની ઝીણવટપૂર્વક સમીક્ષા કરવામાં આવી હતી. અધિકારીઓને કેટરિંગ વ્યવસ્થામાં જરૂરી સુધારા કરવા માટે સૂચનાઓ આપવામાં આવી હતી.

# ઉકાઈમાંથી રૂલ લેવલ જાળવવા 23 હજાર ક્યુસેક પાણી છોડાયું

**ઉપરવાસમાં** વરસાદી વિરામ બાદ આવક ઘટીને 7 હજાર ક્યુસેકે પહોંચી, 3 હાઈડ્રો યુનિટ અને એક કેનાલ કાર્યરત

સુરતઃ ઉકાઈ ડેમમાં પાણીની આવક ઘટીને માત્ર 7 હજાર ક્યુસેક નોંધાઈ છે. આવકમાં ઘટાડો થતાં ડેમમાંથી પાણી છોડવાની માત્રામાં પણ સ્થિતિ અનુસાર વ્યવસ્થા કરવામાં આવી રહી છે. હાલમાં ડેમમાંથી રૂલ લેવલ જાળવી રાખવા માટે 23 હજાર ક્યુસેક પાણી છોડવાનું ચાલુ રાખવામાં આવ્યું છે. ઉકાઈ ડેમમાંથી 23 હજાર ક્યુસેકના કુલ ડિસ્ચાર્જ સાથે 3 હાઈડ્રો પાવર યુનિટ અને એક કેનાલ કાર્યરત છે. ડેમમાંથી સતત પાણી છોડવામાં આવી રહ્યું હોવાથી હાલમાં ઉકાઈ ડેમની સપાટી 335.01 ફૂટ નોંધાઈ છે.

### સુરત શહેર અને જિલ્લામાં પણ વરસાદી વિરામ

બીજી તરફ, સુરત શહેર અને જિલ્લામાં પણ વરસાદનો વિરામ યથાવત જોવા મળી રહ્યો છે. જિલ્લામાં કેટલાક છૂટાછવાયા વિસ્તારોમાં માત્ર હળવા વરસાદી ઝાપટાં પડ્યા હતા, પરંતુ ક્યાંય નોંધપાત્ર વરસાદ નોંધાયો નથી. હાલની સ્થિતિને જોતા આગામી દિવસોમાં પણ આ પ્રકારની વરસાદી સ્થિતિ યથાવત રહેવાની શક્યતા છે. છૂટાછવાયા વિસ્તારોમાં ઝાપટાં પડી શકે છે, પરંતુ વ્યાપક અને ભારે વરસાદની સ્થિતિ હાલ જોવા મળી રહી નથી. જોકે, ઉપરવાસમાં વરસાદની સ્થિતિમાં અચાનક ફેરફાર થાય તો ઉકાઈ ડેમમાં પાણીની આવક પર તેની સીધી અસર થઈ શકે છે. વરસાદી વાતાવરણ વચ્ચે તાપમાન આશરે એક ડિગ્રી ઘટીને 31.6 ડિગ્રી નોંધાયું. લઘુત્તમ તાપમાન 26.9 ડિગ્રી નોંધાયું હતું.

# અભ્યાસના તણાવમાં સચિન રહેતી વિદ્યાર્થિનીએ જીવનનો અંત આણ્યો

**નવસારી** ખાતે આવેલી અગ્રવાલ એન્જિનિયરિંગ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી

**માતા-પિતા** નોકરીએ ગયાં હતાં તે દરમિયાન યુવતીએ ફાંસો ખાઈ લીધો, પરિવારમાં એકની એક સંતાન હતી

સુરતઃ સચિન વિસ્તારમાં એન્જિનિયરિંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી 20 વર્ષીય વિદ્યાર્થિનીએ અભ્યાસના તણાવમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. માતા-પિતા બંને નોકરી પર ગયા હતા તે દરમિયાન યુવતીએ આ પગલું ભર્યું હતું. તે પરિવારની એકની એક સંતાન હતી.

મળેલી માહિતી મુજબ, મૂળ મહારાષ્ટ્રના જલગાંવ જિલ્લાના સિદ્ધપુર ગામના વતની પ્રસાદભાઈ દેશમુખ હાલમાં સચિન ચાર રસ્તા નજીક આવેલી સિદ્ધિ વિનાયક રેસિડેન્સી, સત્યમ-બીમાં પત્ની અને 20 વર્ષીય પુત્રી ક્રિશા સાથે રહેતા હતા. પ્રસાદભાઈ વાપી ખાતેની ખાનગી કંપનીમાં નોકરી કરે છે, જ્યારે તેમની પત્ની સચિન-હોજીવાલા ખાતે નોકરી કરીને પરિવારના ગુજરાનમાં સહયોગ આપે છે. ક્રિશા નવસારી ખાતે આવેલી અગ્રવાલ એન્જિનિયરિંગ કોલેજમાં ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી. મંગળવારે સાંજે છ વાગ્યા પહેલાં માતા-પિતા બંને નોકરી પર હતા, ત્યારે ક્રિશાએ પોતાના બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. સાંજે તેની માતા નોકરી પરથી ઘરે પરત આવી હતી. તેમણે ઘરનો મુખ્ય દરવાજો ખોલીને અંદર પ્રવેશ કરતાં બેડરૂમમાં ક્રિશાને ફાંસો ખાધેલી હાલતમાં જોઈ હતી. આ દૃશ્ય જોઈ માતા આઘાતમાં સરી પડ્યા હતા. બનાવની જાણ થતાં પરિવારજનો તથા પોલીસ સ્થળ પર દોડી આવ્યા હતા. પ્રાથમિક માહિતી મુજબ, ક્રિશાએ અભ્યાસના તણાવમાં આવીને આ અંતિમ પગલું ભર્યું હોવાનું સામે આવ્યું છે.

# ઇન્સ્ટા પર મિત્રતા બાદ સુરતની સગીરાને મીરાપુર લઈ જઈ દુષ્કર્મ

**લગ્નનો** વાયદો કરી શારીરિક શોષણ કરનાર પંચમહાલનો આરોપી ઝડપાયો

સુરતઃ લિંબાયત પોલીસ મથક વિસ્તારમાં રહેતી સગીરા સાથે ઇન્સ્ટાગ્રામ મારફતે મિત્રતા કેળવી પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના મીરાપુર ગામે લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચરનાર પ્રેમીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ ફરિયાદ મુજબ, આરોપી સુરેશભાઈ લિંબાભાઈ ખાંટ (ઉં.વ.૨૨, ધંધો-મજૂરી, રહે., ખાંટ ફળિયું, જૂના મીરાપુર, તા. શહેરા, જિ.પંચમહાલ) સગીરાને લલચાવી સુરતથી પોતાની સાથે લઈ ગયો હતો. મીરાપુર ખાતે આરોપીએ લગ્નનો વાયદો કરી સગીરાની મરજી વિરુદ્ધ વારંવાર શારીરિક શોષણ કર્યું હતું. આ અંગે કોઈને જાણ કરશે તો જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. સગીરાના પરિવારજનોને સમગ્ર ઘટનાની જાણ થતાં લિંબાયત પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે અપહરણ, દુષ્કર્મ અને ધમકી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી. લિંબાયત પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન ઇન્ટેલિજન્સની મદદથી આરોપીનું પગેરું મેળવવા અલગ-અલગ ટીમો બનાવી હતી. દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસ ટીમે પંચમહાલના શહેરા ખાતે કાર્યવાહી કરી સુરેશ ખાંટને ઝડપી પાડ્યો હતો. આરોપીની ધરપકડ બાદ લિંબાયત પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે. સોશિયલ મીડિયાના માધ્યમથી સગીરાઓને પ્રેમજાળમાં ફસાવી ગુનાને અંજામ આપતા તત્ત્વો સામે પોલીસની કાર્યવાહી વચ્ચે આ બનાવે વાલીઓમાં પણ ચિંતા વધારી છે.

## અનુસંધાન... પાના છેલ્લાનું

### એનાલોગ પર પ્રતિબંધ...

અને બટરની શોર્ટેજ જોવા મળી રહી છે. ગુજરાતમાં પ્રતિબંધ લાગ્યા બાદ સુરત મહાનગરપાલિકાએ એનાલોગ ડેરી ઉત્પાદનો સામે કાર્યવાહી શરૂ કરી હતી. એક જ કાર્યવાહીમાં આશરે 235 કિલો એનાલોગ ચીઝ જપ્ત કરીને નષ્ટ કરવામાં આવી હતી. આથી શક્ય છે કે બજારમાં સસ્તા એનાલોગ પનીર-ચીઝ-બટરના વેચાણ પર કાર્યવાહી થતાં ગ્રાહકોને ઉપલબ્ધતામાં ફેરફાર દેખાતો હોય. લોકો માટે રોજિંદી જરૂરિયાતની વસ્તુ હોવાથી આ પ્રોડક્ટનું ઉત્પાદન કરનાર માન્ય ડેરી બ્રાન્ડના ઉત્પાદન કરતાં વધુ ડિમાન્ડ નીકળતા આ સ્થિતિ ઊભી થઈ છે. વધુ વ્યાપ ધરાવતી જાણીતી ડેરી દ્વારા પનીર, બટર અને ચીઝનો જથ્થો મોકલવા પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જરૂર પડ્યે પાડોશી રાજ્યોમાંથી પણ સ્ટોક ઉઠાવી વિતરણ પ્રણાલી સુગઠિત કરવા પ્રયાસ ચાલી રહ્યાં છે.

### યુરોપના વિઝાના...

ત્યારબાદ નાણાં પરત ચૂકવવા માટે આપેલા રૂ. ૫.૧૮ લાખના બે ચેક પણ બેંકમાં નાણાંના અભાવે બાઉન્સ થયા હતા. જેથી તેમણે કરેલી ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

### ઘરમાં ઘૂસી સૂતેલા...

સાંજે બે માસૂમ બાળકો પર કૂતરાના હુમલાની ઘટનાએ સ્થાનિકોમાં ભય ફેલાવ્યો છે. ખાસ કરીને નાના બાળકોને લઈને વાલીઓમાં ચિંતા વધી છે.

ખાસ ચિંતાજનક બાબત એ છે કે હવે બાળકોને સુરક્ષિત રાખવા માટે માત્ર રસ્તા પર જ નહીં, ઘરના દરવાજા બંધ રાખ્યા બાદ પણ ચિંતા કરવાની સ્થિતિ ઊભી થઈ છે. જો રખડતું કૂતરું ઘરમાં ઘૂસી જઈને સૂતા બાળક પર હુમલો કરી શકે, તો મનપાની રખડતાં કૂતરાઓને પકડવાની, રસીકરણ કરવાની અને ખસીકરણની કામગીરી જમીન પર કેટલી અસરકારક છે તે અંગે સવાલ ઊઠવો સ્વાભાવિક છે. ભટાર-તડકેશ્વર પાસે મહાદેવ મોહલ્લામાં રહેતા પ્રતિકભાઈ રાઠોડનો એક વર્ષનો પુત્ર આરવ આજે સાંજે ઘરમાં સૂતો હતો. દરમિયાન એક રખડતું કૂતરું ઘરમાં ઘૂસી ગયું હતું. કોઈને કંઈ સમજાય તે પહેલાં કૂતરાએ માસૂમ આરવ પર હુમલો કરી દીધો. કૂતરાના બચકાંથી આરવના ગળા, ખભા અને આંખના ભાગે ઈજા થઈ હતી.

### બાળકીના મોત બાદ...

ખાદ્યપદાર્થોનું વેચાણ કરતી હોટલો અને રેસ્ટોરન્ટોમાં સઘન ચેકિંગ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ફૂડ સેફ્ટી ઓફિસરો અને સેનિટેશન સ્ટાફની સંયુક્ત ટીમોએ કિચનની સાફ-સફાઈ, વાસી કે એક્સપાયરી ડેટવાળો ખોરાક, ડેરી પ્રોડક્ટ્સ અંગેનું ડિસ્પ્લે બોર્ડ, મેડિકલ ફિટનેસ સર્ટિફિકેટ અને પેસ્ટ કંટ્રોલ સહિતની બાબતોની તપાસ કરી હતી. આ કામગીરી દરમિયાન મનપાની ટીમે કુલ 209 હોટલ-રેસ્ટોરન્ટ અને 34 ઢાબા તપાસીને નિયમોના ઉલ્લંઘન બદલ 128 સંસ્થાને નોટિસ પાઠવી હતી. ઉપરાંત 548 કિલો અખાદ્ય ખોરાકના જથ્થાનો નાશ કરવામાં આવ્યો હતો અને બેદરકારી દાખવનારી હોટલ-રેસ્ટોરન્ટ પાસેથી કુલ રૂ.4,43,800નો દંડ વસૂલાયો હતો. ગંભીર ખામીઓ ધરાવતી 43 સંસ્થાને હાલ પૂરતી તુરંત બંધ કરાવવામાં આવી છે.

### શહેરની તમામ હોટલ-રેસ્ટોરન્ટમાં ચેકિંગ કરાશે

શીતલ રેસ્ટોરન્ટની ઘટના બાદ કેપિટલ ફૂડ તરીકે ઓળખાતા શહેરની વિવિધ ખાણીપીણીની સંસ્થાઓ પર તવાઈ આવી છે. શહેરની 100 ટકા ખાણીપીણીની સંસ્થાઓ જેમાં હોટલો, રેસ્ટોરન્ટો, લારીઓ, ફૂડ કોર્ટ, ફૂડ ટ્રક, ઢાબા તમામમાં ચેકિંગ કરાશે. આવનારા દિવસોમાં મનપાની તમામ ટીમો સતત દિવસ રાત ચેકિંગની કામગીરી કરશે.

### પાંચ મુદ્દાનું ચેકલિસ્ટ

- કિચન સ્વચ્છ છે કે કેમ?
- ત્યારબાદ સંસ્થામાં સ્ટોર કરવામાં આવેલો ખાદ્યસામગ્રીનો જથ્થો યોગ્ય છે કે કેમ?
-ફૂડ આઈટમની એક્સપાયરી ચેક કરાશે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટેન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)ના નિયમો મુજબ ખાણીપીણીની સંસ્થાના કર્મચારીએ માન્ય રજિસ્ટર્ડ મેડિકલ પ્રાક્ટિશનરનું ફિટનેસ સર્ટિફિકેટ છે કે નહીં?
- ગ્લવ્ઝ અને કેપ પહેરવું પણ ફરજિયાત રહેશે. તેનું પણ ચેકિંગ કરાશે.

### ક્યા ઝોનમાં કઈ...

રોડ, ઉધના **5.** જય અંબે નગર કૈલાસ ચોકડી, પાંડેસરા-હાઉસિંગ, ઉધના **6.** અન્નપૂર્ણા રેસ્ટોરન્ટ/કૈલાસ ચોકડી મેન રોડ પાસે, ઉધના **7.** દીપ એસી ફેમિલી રેસ્ટોરન્ટ, બમરોલી ગામ

**ઉધના-બી**

**1.** અશરફ પ્રખ્યાત મીઠાઈઓ, શોએબ નગર ઉન

**અઠવા**

**1.** દિલિઝિઓ રેસ્ટોરન્ટ, મગદલ્લા **2.** સાઈ લીલા ફૂડ કોર્ટ, મગદલ્લા **3.** અર્બન પંજાબ વીઆઈપી રોડ, વેસુ **4.** મોમઝ ઇતરી વીઆઈપી રોડ, વેસુ

**લિંબાયત ઝોન**

**1.** મલ્હાર ચાઈનીઝ, આઈ માતા ચોક, મગોબ **2.** પોપ્યુલર ફાસ્ટ ફૂડ, જ્ઞાનજ્યોત વિદ્યાલય પાસે, ગોડાદરા

### રાત્રે પણ ચેકિંગની...

અમારા ધ્યાને આવી છે. વખતો વખત રાત્રે ચેકિંગની ડ્રાઇવ થાય છે પરંતુ તે પુરતી નથી. તેથી હવે રાત્રે ચાલતી ખાણી-પીણીની બજારોમાં કાયમી ધોરણે ચેકિંગ અને સેમ્પલો લેવાની વ્યવસ્થા કરવામાં આવશે.

### રાત્રે ખાવા માટે...

ખાણી-પીણીના બજારોમાં ભારે ભીડ જામે છે, ત્યારે આ ખોરાકની ગુણવત્તા તપાસવા માટે સુરત મહાનગરપાલિકાના ફૂડ વિભાગ પાસે રાત્રિ દરમિયાન ચેકિંગ માટે કાયમી સ્ટાફ જ ઉપલબ્ધ નથી! સુરતમાં નાઈટ લાઈફનું પ્રમાણ ઘણું વધારે છે. પાલ, અડાજણ, પીપલોદ, વરાછા કે સ્ટેશન વિસ્તાર હોય, રાત્રે ૧૦ વાગ્યા પછી જ મોટાભાગની લારીઓ અને ચટાકેદાર વાનગીઓની દુકાનો પર લોકોની ભારે ભીડ જોવા મળે છે. ઉતાવળમાં પીરસાતા આ ખોરાકમાં વાસી, હલકી ગુણવત્તાવાળા કે ભેળસેળયુક્ત મસાલા અને તેલનો ઉપયોગ થવાની શક્યતાઓ અનેકગણી વધી જાય છે. પરંતુ અફસોસની વાત એ છે કે જે સમયે સૌથી વધુ તપાસની જરૂર હોય છે, તે જ સમયે મનપાનો ફૂડ વિભાગ પોઢી જાય છે. પાલિકાના ફૂડ વિભાગ પાસે રાત્રિ દરમિયાન કોઈ કાયમી ટીમ કે સ્ટાફ નથી. માત્ર દિવસ દરમિયાન અમુક જગ્યાએ દરોડા પાડીને 'કામગીરી કર્યાનો' સંતોષ માનતો ફૂડ વિભાગ રાત્રિના સમયે સંપૂર્ણપણે નિષ્ક્રિય બની જાય છે. જ્યારે કોઈ મોટી ઘટના કે દુર્ઘટના બને અથવા મીડિયામાં હોબાળો થાય, ત્યારે જ ક્યારેક જાગીને 'દેખાડા પૂરતું' નાઈટ ચેકિંગની ડ્રાઈવ કરવામાં આવે છે. આ વલણ દર્શાવે છે કે સુરત મનપા માટે નાગરિકોના સ્વાસ્થ્ય કરતાં સરકારી ચોપડા પૂરવા વધુ મહત્વના છે.

જો સુરત મહાનગરપાલિકા કરોડો રૂપિયાનું બજેટ ધરાવતી હોય અને સુરતીઓ પાસેથી કરવેરા વસૂલતી હોય, તો રાત્રિ દરમિયાન સ્પેશિયલ ફૂડ સેફ્ટી સ્ક્વોડ (કાયમી રાઉન્ડ-ધ-ક્લોક ટીમ) તૈનાત કરવામાં શું વાંધો છે? શું મનપા કોઈ મોટા ખોરાકી ઝેર (ફૂડ પોઈઝનિંગ) ની ઘટનાની રાહ જોઈ રહી છે? શહેરના પ્રબુદ્ધ નાગરિકો અને સામાજિક સંગઠનોની સ્પષ્ટ માગ છે કે મનપા તુરંત અસરથી રાત્રિ સ્ટાફની કાયમી ભરતી કરે અથવા નાઈટ શિફ્ટ ડ્યુટી ફરજિયાત બનાવે. સુરતીઓના આરોગ્ય સાથે રમત રમતા તત્વો સામે કડક કાર્યવાહી નહીં થાય તો આ બેદરકારી આગામી દિવસોમાં મોટા રોગચાળાને નોતરું આપશે.

### સૈયદપુરામાં કચરાના...

કર્યો હતો. આ અનોખા વિરોધ પ્રદર્શનનો વિડીયો વાયરલ થયો હતો.

આ વિરોધ દર્શાવતા યુવાન નાગરિકે ગંભીર આક્ષેપો કરતાં જણાવ્યું હતું કે પ્રજા નિયમિતપણે પોતાના કરવેરા ભરે છે અને મનપા દ્વારા કચરા નિકાલ માટે કોન્ટ્રાક્ટરોને કરોડો રૂપિયા ચૂકવવામાં આવે છે, તેમ છતાં વિસ્તારોમાં કચરાના ગંજ ખડકાયેલા રહે છે. સમયસર કચરો ન ઊપાડાતાં વિસ્તારમાં રોગચાળો ફેલાવાનો ભય ઊભો થયો છે. યુવકે આક્ષેપ કર્યો હતો કે કામગીરી ન થતી હોવા છતાં અધિકારીઓ દ્વારા કોન્ટ્રાક્ટરોના બિલો પાસ કરી દેવામાં આવે છે, જે અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર વચ્ચેની મિલીભગત છે. વિરોધ દરમિયાન યુવકે સેન્ટ્રલ ઝોન અને કોન્ટ્રાક્ટરોના સામે મુર્દાબાદના નારા લગાવ્યા હતા.

### ચાર સિનિયર સામે...

સામે આવેલી ત્રાસ અને રેગિંગની વિગતો હવે આ કેસની તપાસમાં મહત્ત્વનો આધાર બની છે. પોલીસ આ નિવેદનો અને અન્ય પુરાવાના આધારે ચારેય તબીબોની ચોક્કસ ભૂમિકા નક્કી કરવાની દિશામાં તપાસ આગળ ધપાવી રહી છે.

### ક્રેડિટ કાર્ડના બિલ...

એકાઉન્ટ અને ક્રેડિટ કાર્ડમાંથી અલગ-અલગ ડિજિટલ ટ્રાન્ઝેક્શન કરી કુલ રૂ. ૧,૯૭,૦૦૦/- પોતાના ખાતામાં ટ્રાન્સફર કરી લીધા હતા.

### સુરત APMCના...

રાજકીય વર્તુળોમાં જોર પકડી રહી છે. સંદીપ દેસાઈ એ ફરી પ્રમુખપદ નહીં સ્વીકારવાની વાત પ્રદેશ પ્રમુખ સમક્ષ જણાવી હોવાનું માર્કેટ યાર્ડના સૂત્રોએ જણાવ્યું છે. તેઓ સાધારણ ડિરેક્ટર બની રહેશે. તેમના સ્થાને પ્રદેશ ભાજપ નવા ચહેરાની પસંદગી કરશે. ધારાસભ્ય સંદીપ દેસાઈ પ્રમુખપદ હેઠળ સુરત APMC અંદાજે 4,000 કરોડ રૂપિયાના વાર્ષિક ટર્નઓવર સાથે આ બજાર સમિતિ રાજ્યની સૌથી વધુ આવક ધરાવતી સંસ્થાઓમાં સ્થાન ધરાવે છે.